# લેબર કોર્ટ, વડોદરાના પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી એમ. એલ. શેખ સાહેબ સમક્ષ

**રેફરન્સ (એલ.સી.વી.) નંબર : ૫૫૦/૨૦૦૭**

**આંક : ૧૩**

**પ્રથમ પક્ષકાર ::** (૧) **આલસ્ટોમ પ્રોજેકટ ઈન્ડીયા લીમીટેડ**
માણેજા, જી. વડોદરા.

(૨) **કોન્ટ્રાકટરશ્રી સૂર્યા સિકયુરીટી એન્ડ લેબર સર્વિસીસ**
જી.આઈ.ડી.સી., મકરપુરા,
વડોદરા.

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકાર ::** **શ્રી પ્રવિણભાઈ રણછોડભાઈ સોલંકી**
બી/૧૬, લક્ષ્મી નારાયણ સોસાયટી,
માણેજા, વડોદરા.

**રજુઆત :** પ્રથમ પક્ષકાર નંબર (૧) તરફે **વિ. વકીલશ્રી એસ. કે. શાહ.**
પ્રથમ પક્ષકાર નંબર (૨) તરફે **વિ. વકીલશ્રી એમ. સી. મહેતા.**
બીજા પક્ષકાર તરફે **વિ. વકીલશ્રી ડી. વી. રાજપુત.**

## :: એ વો ર્ડ ::

(૧) આ કામમાં બંને પક્ષકારો વચ્ચેના ઔધોગિક વિવાદ આઈ.ડી. એકટની કલમ–૧૦(૧)સી હેઠળ મદદનીશ શ્રમ આયુકતશ્રી વડોદરા તરફથી હુકમ ક્રમાંક : કે. એચ. / એસ. એચ. / એમ. સી. / ૫ / એ. જે. / ૨૪૯૯૨, તારીખ : ૨૯/૦૯/૨૦૦૭ ના રોજ લેબર કોર્ટ વડોદરાને ન્યાય નિર્ણય અર્થે બીજા પક્ષકારશ્રી પ્રવિણભાઈ રણછોડભાઈ સોલંકીને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુન: સ્થાપિત કરવા કે કેમ ? તે માટે રીફર કરવામાં આવેલ છે.

(૨) આ કામમાં પ્રથમ પક્ષકાર નંબર (૧) ને ''કંપની'' તથા પ્રથમ પક્ષકાર નંબર (૨) ને ''કોન્ટ્રાકટર'' તેમજ બીજા પક્ષકારને ''શ્રમયોગી'' તરીકે હવે પછી સરળતા ખાતર સંબોધવામાં આવશે.

(૩) અત્રેની અદાલત તરફથી સદર રેફરન્સના કામે પક્ષકારોને આંક–૨ થી નોટીસ ઈસ્યુ કરવામાં આવતા પક્ષકારોને નોટીસની ધોરણસરની બજવણી થયેલ છે. બીજા પક્ષકાર શ્રમયોગીએ આંક–૫ થી તેમનું સ્ટેટમેન્ટ ઓફ કલેઈમ રજુ કરેલ છે. શ્રમયોગીએ તેમના

સ્ટેટમેન્ટ ઓફ કલેઈમમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, તેઓ પ્રથમ પક્ષકાર નંબર (૧) કંપનીમાં સફાઈ કામદાર તરીકે આશરે ૮ વર્ષ ઉપરાંતથી માસિક રૂા. ૩,૦૦૦/– ના ઉચ્ચક પગારથી કામ કરતાં હતાં. શ્રમયોગીને કંપનીએ કાગળ ઉપર ઉભા કરેલ બનાવટી કોન્ટ્રાકટ પધ્ધતિ ધ્વારા કામે રાખેલ. તેઓની નિમણૂંક તથા પગાર કંપની ધ્વારા જ કરવામાં આવતો હોવા છતાં કાયમી કામદારોને આપવા પડતાં લાભો આપવા ન પડે તેવા બદઆશયથી કંપની શ્રમયોગીને પ્રથમ પક્ષકાર નંબર (૨) લેબર કોન્ટ્રાકટના કામદાર દર્શાવતા હતાં. શ્રમયોગીના કામની દેખરેખ પણ કંપનીના અધિકારીશ્રીઓ ધ્વારા કરવામાં આવતી હતી તથા રજાઓ પણ કંપની ધ્વારા મંજુર કરવામાં આવતી હતી. કંપનીમાં શ્રમયોગીના જેવું સફાઈ સેવાનું કામ કરતા અન્ય કાયમી કામદારોને લગભગ રૂા. ૧૫,૦૦૦/– પગાર ચુકવે છે જયારે શ્રમયોગીને કોન્ટ્રાકટરના કામદાર દર્શાવી માત્ર લઘુત્તમ વેતન ચુકવતાં હતાં જેથી શ્રમયોગી મારફતે તારીખ : ૨૦/૦૮/૨૦૦૭ ના રોજ કંપનીને માંગણીપત્ર આપી કાયમી કરવા અને કાયમી કામદારોને મળતા લાભો ચુકવી આપવા માંગણી કરેલ હોવા છતાં કંપનીએ કોઈ જવાબ આપેલ નથી અને કોઈપણ જાતની નોટીસ, નોટીસ પગાર કે વળતર ચુકવ્યા સિવાય ગેરકાયદેસર રીતે તારીખ : ૩૧/૦૮/૨૦૦૭ ના રોજથી મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરેલાં છે. જેથી શ્રમયોગીએ મદદનીશ મજુર કમિશ્નરશ્રી સમક્ષ ઔધોગિક વિવાદ ઉપસ્થિત કરેલ જેમાં સમાધાન શકય ન બનતાં સદર રેફરન્સ અત્રે રીફર કરવામાં આવેલ છે. વધુમાં પ્રથમ પક્ષકાર નંબર (૨) કોન્ટ્રાકટમાં કામ કરતાં અને રેફરન્સમાં સંકળાયેલ કામદારો સિવાયના અન્ય કામદારોને કંપનીએ કામે રાખેલ છે જયારે અન્ય ૫૫ કામદારોને કામે રાખેલ નથી. આમ, શ્રમયોગી તરફથી ઉપરોકત હકીકતોએ માંગણાંનું નિવેદન રજુ કરી એવી દાદ માંગેલ છે કે, શ્રમયોગીને તારીખ : ૩૧/૦૮/૨૦૦૭ ના રોજ મૌખિક હુકમથી છુટા કરવાનું પગલું ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને અન્યાયી ઠરાવી તેઓને કાયમી પ્રકારના તમામ લાભો સહિત સળંગ નોકરી ગણી તેઓની મૂળ જગ્યાએ પડેલાં દિવસોના પુરેપુરા પગાર સાથે નોકરીમાં પુન: સ્થાપિત કરવા અને રેફરન્સ ખર્ચ અપાવવા અરજ કરેલ છે.

(૪) આ કામમાં પ્રથમ પક્ષકાર નંબર (૧) કંપની તરફથી આંક–૮ થી જવાબ રજુ કરી રેફરન્સની હકીકતોનો ઈનકાર કરી એવી તકરાર લીધેલ છે કે, કંપની કંપનીઝ એકટ હેઠળ રજીસ્ટર થયેલ પબ્લિક લિમીટેડ કંપની છે. કંપનીમાં ઉત્પાદન પ્રક્રિયા માટે ૭૧૫ કાયમી કર્મચારીઓ કામ

કરે છે અને ૩૦૦ જેટલાં કોન્ટ્રાકટના કામદારો કામ કરે છે. આ કોન્ટ્રાકટના કામદારો જુદા–જુદા કોન્ટ્રાકટરો ધ્વારા હાઉસ કિપીંગ, કેન્ટીન, ગાર્ડ અને સિકયુરીટીના કામ માટે કામ કરે છે. કંપનીના પ્લાન્ટ તથા એડમિનીસ્ટ્રેશન કમ્પાઉન્ડ વિગેરેની સાફસુફી તેમજ સ્ટાફ સંભાળવા માટે તેમજ ચોખ્ખાઈ માટે હાઉસ કિપીંગનો કોન્ટ્રાકટ સૂર્યા સિકયુરીટી લેબર સર્વિસીસનાઓને આપવામાં આવેલો અને તેમના ધ્વારા ૫૪ કામદારોને હાઉસ કિપીંગના કામ માટે મોલવામાં આવેલાં. સદરહું કોન્ટ્રાકટ તારીખ : ૦૧/૦૧/૨૦૦૭ ના રોજ કરી આપેલો અને કોન્ટ્રાકટની શરતો મુજબ કોન્ટ્રાકટના બિલ પ્રતિમાસે તેઓને બિલ મુજબનું પેમેન્ટ ચુકવવામાં આવતું હતું. આમ, આ કામદારો સાથે કંપનીને કોઈ માલિક–નોકરના સંબંધ ન હતાં અને તેઓ કંપનીના કામદાર ન હતાં. ત્યારબાદ એવી રજુઆત કરવામાં આવેલ છે કે, પ્રથમ પક્ષકાર નંબર (૨) કોન્ટ્રાકટર તરફથી તારીખ : ૦૧/૦૮/૨૦૦૭ ના રોજ કોન્ટ્રાકટ આગળ ચલાવવા માંગતા નથી તે બદલ ટર્મિનેશનનો પત્ર આપવામાં આવેલો. આ કોન્ટ્રાકટ ટર્મિનેટ કરવાની જાણ પ્રથમ પક્ષકાર નંબર (૨) ને તારીખ : ૦૬/૦૮/૨૦૦૭ ના રોજ કરેલી અને કોન્ટ્રાકટ તારીખ : ૩૧/૦૮/૨૦૦૭ થી પ્રથમ પક્ષકાર નંબર (૨) ની મરજીથી ટર્મિનેટ કરવામાં આવેલો તેથી પ્રથમ પક્ષકાર નંબર (૨) એ આ કામદારોને નોકરીમાંથી બરતરફ કરેલાં. પ્રથમ પક્ષકાર નંબર (૧) કંપનીએ કામદારોને નોકરીમાંથી બરતરફ કરેલાં નથી તેથી કામદારોને નોટીસ, નોટીસ પગાર કે અન્ય વળતર ચુકવવાની કંપનીની કોઈ જવાબદારી થતી નથી. વધુમાં એવી રજુઆત કરેલ છે કે, કામદારો બીજે નોકરી કરે છે અને કમાય છે. આમ, પ્રથમ પક્ષકાર નંબર (૧) તરફથી ઉપરોકત હકીકતોએ જવાબ રજુ કરી રેફરન્સ ખર્ચ સહિત નામંજુર કરવા અરજ કરેલ છે.

આ કામે પ્રથમ પક્ષકાર નંબર (૨) તરફે આંક–૯ થી જવાબ રજુ કરી એવી તકરાર લીધેલ છે કે, બીજા પક્ષકાર અને સંસ્થા વચ્ચે કોઈ ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત થયેલ ન હોવાથી રેફરન્સ રદ થવાને પાત્ર છે. બીજા પક્ષકારની નિમણૂંક, કામની વહેંચણી, કામનું સુપરવિઝન, કામદારોની હાજરી પુરવાનું કામ પ્રથમ પક્ષકાર નંબર (૧) કંપની ધ્વારા કરવામાં આવતું હતું. બીજા પક્ષકાર અને કામદારોને કંપનીના અધિકારીઓએ ઈન્ટરવ્યુ લઈ પસંદ કરેલાં. બીજા પક્ષકાર કંપનીના જ કામદાર છે અને પગાર ચુકવણી અને કામ આપવાની જવાબદારી પણ કંપનીની જ છે. બીજા પક્ષકારની નોકરીની મુળ જગ્યા કંપનીમાં જ છે. વધુમાં એવી રજુઆત કરેલ છે કે, કંપનીએ બીજા પક્ષકાર તથા અન્ય કામદારોને તારીખ :

૩૧/૦૮/૨૦૦૭ ના રોજથી કામ ઉપર ચઢતા અટકાવેલ છે. પ્રથમ પક્ષકાર કંપનીએ કામદારોને ચુકવવા માટેના છટણી વળતરના નાણાં કંપનીએ ચુકવી આપેલ નથી. આમ, પ્રથમ પક્ષકાર નંબર (૨) તરફે ઉપરોકત હકીકતોએ જવાબ રજુ કરી રેફરન્સ ખર્ચ સહિત નામંજુર કરવા અરજ કરેલ છે.

(૫) બીજા પક્ષકાર શ્રમયોગી તરફથી રેફરન્સની હકીકતો સાબિત કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલાં છે.

:: **<u>મૌખિક પુરાવો</u>** ::

**૧.** આંક–૧૨ શ્રમયોગી પ્રવિણભાઈ રણછોડભાઈ સોલંકીનું પુરાવાનું સોગંદનામું.

ત્યારબાદ શ્રમયોગી તરફે કલોઝીંગ પુરસીસ રજુ કરી તેઓનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરેલ છે.

(૬) પ્રથમ પક્ષકાર નંબર (૧) કંપની તરફે કોઈ મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ નથી પરંતુ રેફરન્સ (એલ.સી.વી.) નંબર : ૫૧૭/૨૦૦૭ ના કામે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

:: **<u>દસ્તાવેજી પુરાવાઓ</u>** ::

૧. આંક–૧૧૪ રીન્યુઅલ પર્ચેઝ ઓર્ડરની નકલ.

૨. આંક–૧૧૫ પર્ચેઝ ઓર્ડરની નકલ.

૩. આંક–૧૧૬ સૂર્યા સિકયુરીટી સાથેના એગ્રીમેન્ટની નકલ.

૪. આંક–૧૧૭ લાયસન્સની નકલ.

૫. આંક–૧૧૮ રજીસ્ટ્રેશન લાયસન્સ નંબર–૫૫૬ ની નકલ.

૬. આંક–૧૧૯ ટર્મિનેશન લેટરની નકલ.

૭. આંક–૧૨૦ ટર્મિનેશન એકસેપ્ટન્સ લેટરની નકલ.

૮. આંક–૧૨૧ રીટ્રેંચમેન્ટ કોમ્પેનસેશન કેલકયુલેશન બિલની નકલ.

૯. આંક–૧૨૨ ઈ.પી.એફ. રીટર્નની નકલ (માર્ચ–એપ્રિલ, ૨૦૦૭)

૧૦. આંક–૧૨૩ ઈ.એસ.આઈ. / પી.એફ. નંબર લિસ્ટની નકલ.

૧૧. આંક–૧૨૪ પી.એફ. કોડની નકલ.

૧૨. આંક–૧૨૫ ઈ.એસ.આઈ.સી. કોડની નકલ.

પ્રથમ પક્ષકાર નંબર (૨) તરફે રેફરન્સ (એલ.સી.વી.) નંબર : ૫૧૭/૨૦૦૭ ના કામે આંક–૧૪૪ થી પુરસીસ રજુ કરી રેફરન્સ (એલ.સી.વી.) નંબર : ૫૧૭/૨૦૦૭ ના કામે રજુ કરવામાં આવેલ પુરાવો સદર કામે ગણવા અરજ કરેલ છે, જે નીચે મુજબ છે.

:: **<u>મૌખિક પુરાવો</u>** ::

| | | |
|---|---|---|
| ૧. | આંક–૧૩૮ | પ્રથમ પક્ષકાર નંબર (૨) સંસ્થાના માલિક ભરતસિંહ છત્રસિંહ ચાવડાના પુરાવાનું સોગંદનામું. |

:: **<u>દસ્તાવેજી પુરાવાઓ</u>** ::

| | | |
|---|---|---|
| ૧. | આંક–૧૨૬ | પી.એફ. રજીસ્ટ્રેશન અંગે પી.એફ. કમિશ્નરશ્રીના પત્રની નકલ. |
| ૨. | આંક–૧૨૭ | ઈ.એસ.આઈ. રજીસ્ટ્રેશન અંગે ઈ.એસ.આઈ. કોર્પોરેશનના પત્રની નકલ. |
| ૩. | આંક–૧૨૮ | કંપનીએ આપેલ વર્ક ઓર્ડરની નકલ. |
| ૪. | આંક–૧૨૯ | કંપનીએ આપેલ વર્ક ઓર્ડરની નકલ. |
| ૫. | આંક–૧૩૦ | કંપનીએ કોન્ટ્રાકટરના શ્રમયોગીઓના પે–સ્લીપ રજીસ્ટરની નકલ. |
| ૬. | આંક–૧૩૧ | કંપનીએ કોન્ટ્રાકટરના કામદારોની હાજરી સર્ટીફાય કરી આપેલ તેની નકલ. |
| ૭. | આંક–૧૩૨ | કંપનીએ કોન્ટ્રાકટરને માણસોની જરૂરીયાત અંગે લખેલ પત્રની નકલ. |
| ૮. | આંક–૧૩૩ | કોન્ટ્રાકટરે કંપનીને આપેલ બિલના નમુનાની નકલ. |
| ૯. | આંક–૧૩૪ | કંપની કોન્ટ્રાકટ લેબરના ઈ.એસ.આઈ. તેઓના ખાતામાં જમા કરાવતા હોવા અંગેના સ્ટેટમેન્ટ (એપ્રિલ–૦૧ થી સપ્ટેમ્બર–૦૧) |

ત્યારબાદ પ્રથમ પક્ષકાર નંબર (૧) તથા (૨) તરફથી કલોઝીંગ પુરસીસ રજુ કરી તેઓનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરેલ છે.

**(૭)** બંને પક્ષનો પુરાવો પુરો થયા બાદ શ્રમયોગી તરફે તેમના વિ. વકીલશ્રી ડી. વી. રાજપુત તથા પ્રથમ પક્ષકાર નંબર (૧) કંપની તરફે વિ. વકીલશ્રી એસ. કે. શાહ અને પ્રથમ પક્ષકાર નંબર (૨) કોન્ટ્રાકટર તરફે વિ. વકીલશ્રી એમ. સી. મહેતાની દલીલો સાંભળી.

શ્રમયોગીના વિ. વકીલશ્રી ડી. વી. રાજપુત તરફથી મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, શ્રમયોગી સને : ૨૦૦૭ માં કંપનીમાં નોકરીમાં જોડાયેલાં. તેમણે સતત કંપનીમાં

નોકરી કરેલ છે. શ્રમયોગીના કામની દેખરેખ અને સુપરવિઝન કંપનીના અધિકારી કરતાં હતાં. આ કંપનીમાં બીજા કાયમી કામદારો પણ કામ કરતાં હતાં અને હાલના શ્રમયોગીને કોન્ટ્રાકટમાં રાખવામાં આવેલ હતાં. કંપનીએ શ્રમયોગીને આઈ. ડી. એકટની જોગવાઈઓનું પાલન કર્યા સિવાય નોકરીમાંથી છુટા કરી દીધેલાં છે. કંપનીમાં દરેક કામદારોનું કામ સારુ હતું. શ્રમયોગીએ તેમના પુરાવામાં માંગણાંના નિવેદનની હકીકતોને સમર્થન આપેલ છે. વધુમાં એવી દલીલ કરેલ છે કે, શ્રમયોગી ખરેખર કંપનીના કામદાર હતાં પરંતુ તેમને ખોટી રીતે કોન્ટ્રાકટમાં બતાવવામાં આવેલાં છે. પ્રથમ પક્ષકાર નંબર (૨) કોન્ટ્રાકટરે પણ તેઓના પુરાવામાં શ્રમયોગીને કામ ઉપર રાખવાની જવાબદારી કંપનીની થાય છે તેવો સ્પષ્ટ પુરાવો આપેલ છે. વધુમાં એવી દલીલ કરવામાં આવેલ છે કે, શ્રમયોગીને આઈ. ડી. એકટની કલમ–25(F) ની જોગવાઈઓનો ભંગ કરીને છુટા કરવામાં આવેલ હોઈ શ્રમયોગી તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન: સ્થાપિત થવા હકકદાર ઠરે છે. આમ, શ્રમયોગીના વકીલશ્રી તરફથી ઉપર મુજબ દલીલો કરી રેફરન્સ ખર્ચ સહિત મંજુર કરવા અરજ કરેલ છે.

પ્રથમ પક્ષકાર નંબર (૧) ના વિ. વકીલશ્રી એસ. કે. શાહ તરફથી મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, પ્રથમ પક્ષકાર નંબર (૧) કંપનીમાં પ્રથમ પક્ષકાર નંબર (૨) સૂર્યા સિકયુરીટી એન્ડ લેબર સર્વિસીસનો કોન્ટ્રાકટ ચાલતો હતો. આ કોન્ટ્રાકટ હાઉસ કિપીંગના કામ માટે આપવામાં આવેલો. શ્રમયોગી આ કોન્ટ્રાકટરના કામદાર હતાં. કંપનીએ ધી કોન્ટ્રાકટ લેબર (રેગ્યુલેશન એન્ડ એબોલિશન) એકટ અન્વયે લાયસન્સ પણ મેળવેલ હતું અને પ્રથમ પક્ષકાર નંબર (૨) સાથે તારીખ : ૦૧/૦૧/૨૦૦૭ ના રોજ હાઉસ કિપીંગ માટે ૫૪ કામદારો પુરા પાડવાનો કોન્ટ્રાકટ કરેલ હતો. આ એગ્રીમેન્ટમાં એક શરત એવી રાખવામાં આવેલ હતી કે, કોન્ટ્રાકટ ૧ મહિનાની નોટીસ આપીને ટર્મિનેટ કરી શકાશે. આ કામે આસિસ્ટન્ટ લેબર કમિશ્નરશ્રી તરફથી જે ટર્મ્સ ઓફ રેફરન્સ મોકલવામાં આવેલ છે તેમાં કોન્ટ્રાકટ કાયદેસર છે કે કેમ ? તેવો કોઈ રેફરન્સ કરવામાં આવેલ નથી. તેથી આ કોર્ટે કોન્ટ્રાકટ શામ અને બોગસ છે તેનો ન્યાયનિર્ણય કરવાનો રહેતો નથી. કંપનીએ કોન્ટ્રાકટરને તેમના બિલ મુજબ પેમેન્ટ ચુકવતી હતી. આ કામે કંપનીએ કોન્ટ્રાકટમાં એગ્રીમેન્ટ, ટર્મિનેશનનો લેટર તથા એકસેપ્ટન્સ લેટર દસ્તાવેજી પુરાવા તરીકે રજુ કરેલ છે. કોન્ટ્રાકટમાં એવી પણ શરત રાખવામાં આવેલ હતી કે, તમામ સ્ટેચ્યુટરી જવાબદારીઓની પાલન કરવાની જવાબદારી

કોન્ટ્રાકટરની હતી. આ કામે કોન્ટ્રાકટરે તારીખ : ૦૧/૦૮/૨૦૦૭ ના રોજ તેઓ કોન્ટ્રાકટ ચાલુ રાખવા માંગતા ન હોવાનું જણાવી કોન્ટ્રાકટ ટર્મિનેટ કરવાનો પત્ર લખેલો અને તારીખ : ૦૧/૦૮/૨૦૦૭ ના રોજ કોન્ટ્રાકટ ટર્મિનેટ કરવાની નોટીસ આપેલી અને કંપનીએ તારીખ : ૦૬/૦૮/૨૦૦૭ ના રોજ કોન્ટ્રાકટ ટર્મિનેશનની જાણ કરતો પત્ર કોન્ટ્રાકટરને લખેલો. ત્યારબાદ તારીખ : ૩૧/૦૮/૨૦૦૭ ના રોજ આ કોન્ટ્રાકટ ટર્મિનેટ કરવામાં આવેલો અને તારીખ : ૦૭/૦૮/૨૦૦૭ ના રોજ પ્રથમ પક્ષકાર નંબર (૨) નાઓએ આ પત્ર સ્વીકારેલો. વધુમાં એવી દલીલ કરેલ છે કે, કંપનીમાં જુદા–જુદા ઘણાં કોન્ટ્રાકટ ચાલતાં હતાં. કોન્ટ્રાકટરે કામદારોને ઓગષ્ટ–૨૦૦૭ નો પગાર નહીં ચુકવતાં કંપનીએ ઓગષ્ટ–૨૦૦૭ નો પગાર ચુકવી આપેલો છે. આ કામે શ્રમયોગીની ઉલટ તપાસ ખૂબ જ મહત્વની છે અને શ્રમયોગીએ તેમની ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તેઓ કોન્ટ્રાકટરના કામદાર હતાં. તેમને પગાર કોન્ટ્રાકટર ચુકવતાં હતાં અને તેમને છુટા પણ કોન્ટ્રાકટરે કરેલાં. આ કામે જે કોન્ટ્રાકટ કરવામાં આવેલ છે તે કોન્ટ્રાકટ વેલીડ અને ઈફેકટીવ હતો. પ્રથમ પક્ષકાર નંબર (૧) અને પ્રથમ પક્ષકાર નંબર (૨) વચ્ચે કોન્ટ્રાકટ ટર્મિનેટ થતાં શ્રમયોગીની નોકરીનો અંત આવેલો. આ કામે પ્રથમ પક્ષકાર નંબર (૨) કોન્ટ્રાકટરે તેમનો પુરાવો રજુ કરેલો છે. તેમણે ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તેમણે હાઉસ કિપીંગના કોન્ટ્રાકટ માટે એગ્રીમેન્ટ કરેલો અને ૫૪ કામદારોને મોકલેલાં. તેમનું દર મહિનાનું બિલ તેઓ કંપનીને મોકલતાં હતાં અને તારીખ : ૦૧/૦૮/૨૦૦૭ ના રોજ કોન્ટ્રાકટ ટર્મિનેટ કરવાની નોટીસ આપવામાં આવેલી અને તારીખ : ૩૧/૦૮/૨૦૦૭ થી કોન્ટ્રાકટ ટર્મિનેટ કરવામાં આવેલો. એ હકીકત પણ કબુલ કરે છે કે, તેમણે કામદારોને કોઈ નોટીસ પગાર કે છટણી વળતર ચુકવેલ નથી. આમ, શ્રમયોગી કંપનીના કામદાર ન હોવાથી અને કંપનીએ તેમને છુટા કરેલ ન હોવાથી શ્રમયોગીને નોકરીમાં પુન: સ્થાપિત કરવાની કંપનીની કોઈ જવાબદારી થતી નથી અને હાલનો રેફરન્સ કંપની સામે ચાલી શકે તેમ ન હોઈ રેફરન્સ રદ કરવા દલીલો કરેલ છે અને ઉપરોકત દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

૧. ૨૦૦૫ એ.આઈ.આર. પાના નંબર : ૨૪૧૨, નામદાર સુપ્રિમ કોર્ટ

હલ્દીઆ રીફાઈનરી કેન્ટીન એમ્પલોઈઝ યુનિયન અને બીજા વિરૂઘ્ધ મેસર્સ ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લિમીટેડ અને બીજા.

૨. ૨૦૦૯ એ.આઈ.આર. પાના નંબર : ૩૦૬૩, નામદાર સુપ્રિમ કોર્ટ
ઈન્ટરનેશનલ એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા <u>વિરૂધ્ધ</u> ઈન્ટરનેશનલ એર કાર્ગો વર્કર્સ યુનિયન અને બીજા.

૩. ૨૦૧૦ એ.આઈ.આર. પાના નંબર : ૭૩૧૨, નામદાર સુપ્રિમ કોર્ટ
જનરલ મેનેજર (ઓ.એસ.ડી.), બેંગાલ નાગપુર કોટન મિલ્સ, રાજનંદગાંવ <u>વિરૂધ્ધ</u> ભરતલાલ અને બીજા.

પ્રથમ પક્ષકાર નંબર (૨) ના વિ. વકીલશ્રી એમ. સી. મહેતા તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના બીજા પક્ષકાર શ્રમયોગીએ તેઓના માંગણાના નિવેદનમાં પ્રથમ પક્ષકાર નંબર (૨) વિરૂધ્ધ કોઈ જ રીલીફ માંગેલી નથી. શ્રમયોગીએ તેઓના માંગણાંના નિવેદનમાં માત્ર પ્રથમ પક્ષકાર નંબર (૧) વિરૂધ્ધ રીલીફ માંગેલી છે. શ્રમયોગીએ કોન્ટ્રાકટર વિરૂધ્ધ કોઈ જ ઔધોગિક તકરાર ઉપસ્થિત કરેલ ન હોવાથી રેફરન્સ ટકવાપાત્ર નથી. બીજા પક્ષકાર શ્રમયોગીએ તેમના પુરાવામાં પણ તેઓ કંપનીના કામદાર હોવાની હકીકત જાહેર કરેલ છે. શ્રમયોગીને કામની સોંપણી અને સુપરવિઝન કંપનીના અધિકારીઓ ધ્વારા કરવામાં આવતું હતું. શ્રમયોગીને કોન્ટ્રાકટર ધ્વારા છુટા કરવામાં આવેલ નથી. શ્રમયોગીએ મદદનીશ મજુર અધિકારીશ્રીને કંપનીમાં કાયમી થવા પત્ર લખેલ છે. પ્રથમ પક્ષકાર કંપની હાલ પણ ચાલુ છે અને તેમાં બીજા કામદારો કામ કરે છે. શ્રમયોગીએ તેમની ઉલટ તપાસમાં તેઓએ કંપનીમાં પુન: સ્થાપિત થવાની માંગણી કરેલ હોવાની હકીકત કબુલ કરેલ છે. આમ, શ્રમયોગીને કોન્ટ્રાકટરે છુટા કરેલ ન હોવાથી રેફરન્સ ખર્ચ સહિત રદ કરવા દલીલો કરેલ છે.

(૮) આ કામે રેકર્ડ ઉપરની હકીકતો, રજુઆતો અને દલીલો ધ્યાને લેતાં આ રેફરન્સના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: <u>મુદ્દાઓ</u> ::**

**૧.** શું શ્રમયોગી સાબિત કરે છે કે, તેઓ કંપનીના કામદાર હતાં અને તેમને કંપનીએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલાં છે ?

**૨.** શું કંપની સાબિત કરે છે કે, શ્રમયોગી કોન્ટ્રાકટરના કામદાર હતાં ?

**૩.** શું શ્રમયોગીને કોન્ટ્રાકટરે ગેરકાયદેસર રીતે અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધ છુટા કરેલાં છે ?

૪. શું શ્રમયોગી એ હકીકત સાબિત કરે છે કે, તેમને ગેરકાયદેસર રીતે છુટા કરેલાં હોય તેઓ મૂળ જગ્યાએ સાતત્ય સહિત અને પડેલા દિવસોના પગાર તથા મળવાપાત્ર લાભો સહિત નોકરીમાં પુન: સ્થાપિત થવા હકકદાર થાય છે ?

૫. શું હુકમ ?

(૯) :: <u>જવાબ</u> ::

૧. નકારમાં.

૨. હકારમાં.

૩. હકારમાં.

૪. અંશત: હકારમાં.

૫. આખરી હુકમ મુજબ.

:: <u>કા ર ણો</u> ::

(૧૦) <u>મુદ્દા નંબર (૧) અને (૨)</u> :

આ કામે બંને મુદ્દાઓ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલાં હોય બંને મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવી હું જરૂરી સમજું છું.

પ્રસ્તુત રેફરન્સની હકીકતો જોવામાં આવે તો, પ્રસ્તુત રેફરન્સમાં બીજા પક્ષકાર શ્રમયોગીને તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં પુન: સ્થાપિત કરવા કે કેમ ? એટલી હકીકતોનો નિર્ણય કરવાનો છે. આ કામે કંપની તરફથી એવી તકરાર લેવામાં આવેલ છે કે, કંપનીએ હાઉસ કિપીંગનો કોન્ટ્રાકટ પ્રથમ પક્ષકાર નંબર (૨) ને આપેલ હતો. શ્રમયોગી કંપનીના કામદાર ન હતાં, તેઓ કોન્ટ્રાકટરના કામદાર હતાં. કંપની અને શ્રમયોગી વચ્ચે સીધી રીતે માલિક–નોકરનો સંબંધ ન હતો. શ્રમયોગીને પ્રથમ પક્ષકાર નંબર (૨) કોન્ટ્રાકટર ધ્વારા કામ ઉપર રાખવામાં આવેલ હતાં અને શ્રમયોગીને પગાર પણ કોન્ટ્રાકટર ચુકવતાં હતાં તેમજ કામની દેખરેખ પણ કોન્ટ્રાકટર રાખતાં હતાં. જયારે શ્રમયોગી એવા કેસ સાથે અદાલત રૂબરૂ આવેલાં છે કે, તેઓ સને : ૨૦૦૭ થી કંપનીમાં કામ કરતાં હતાં. તેઓ કંપનીમાં કામ કરતાં હતાં. તેમના કામની દેખરેખ કંપની રાખતી હતી અને તેમને કંપનીએ ગેરકાયદેસર રીતે છુટા કરેલ હતાં. આ કામે એ હકીકત બિનતકરારી છે કે, શ્રમયોગીની નોકરીનો અંત તારીખ : ૩૧/૦૮/૨૦૦૭ ના રોજ આવેલો છે.

શ્રમયોગી તરફથી ઉપરોકત હકીકતો સાબિત કરવા માટે આંક–૧૨ થી એવો પુરાવો રજુ કરવામાં આવેલો છે. શ્રમયોગી મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તેઓ તારીખ : ૦૫/૦૫/૨૦૦૭ થી પ્રથમ પક્ષકાર નંબર (૧) કંપનીમાં હાઉસ કિપીંગ સફાઈ કામદાર તરીકે કાયમી નોકરી કરતાં હતાં. કંપનીએ પ્રથમ પક્ષકાર નંબર (૨) ના કોન્ટ્રાકટના મસ્ટર રોલ ઉપર રાખીને કામગીરી આપવાની શરૂ કરેલી. કંપનીના અધિકારીએ ઈન્ટરવ્યુ લઈને તેમને કામ ઉપર રાખવામાં આવેલ. તેમની હાજરી કંપનીના અધિકારી પુરતા હતાં અને કામની સોંપણી તથા કમગીરીની દેખરેખ કંપનીના અધિકારી કરતાં હતાં. વધુમાં એવો પુરાવો આપે છે કે, તેમણે કંપનીમાં સતત ફરજ બજાવેલી છે અને ૨૪૦ દિવસ કરતાં વધુ કામ કરેલ છે. વધુમાં એવો પુરાવો આપે છે કે, કોન્ટ્રાકટર સાથે તેઓને કોઈ લેવાદેવા નથી. તારીખ : ૩૧/૦૮/૨૦૦૭ ના રોજથી પ્રથમ પક્ષકાર નંબર (૧) કંપનીના અધિકારીએ તેમને છુટા કરેલાં છે અને કામ ઉપર ચઢતાં તેમને અટકાવેલાં છે. વધુમાં એવો પુરાવો આપે છે કે, કંપનીએ તેમના સિવાય ૩૪ થી ૪૦ કામદારોને કામે રાખેલ છે. તેઓએ તથા બીજા કામદારોએ કાયમી થવા અને કાયમી કામદારોના પગારની માંગણી કરતાં કિન્નાખોરી રાખીને તેમને છુટા કરેલાં છે. તેમને છુટા કર્યા બાદ કંપનીએ તે કામ માટે બીજા કામદારોને કામ ઉપર રાખેલાં છે.

શ્રમયોગીની પ્રથમ પક્ષકાર નંબર (૧) કંપનીના વિ. વકીલશ્રી તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસ જોવામાં આવે તો એવી હકીકત જણાવે છે કે, હું આલસ્ટોમ પ્રોજેકટમાં કામ કરતો હતો તે બતાવતો કોઈ લેખિત પુરાવો મેં આ કામે રજુ કરેલ નથી. હું તારીખ : ૦૫/૦૫/૨૦૦૭ થી કંપનીમાં હાઉસ કિપીંગ ડિપાર્ટમેન્ટમાં કામ કરતો હતો તે બતાવતો કોઈ દસ્તાવેજી પુરાવો મેં આ કામે રજુ કરેલ નથી. એ હકીકત કબુલ કરે છે કે, હું સૂર્યા સિકયુરીટીના કોન્ટ્રાકટમાં આલસ્ટોમ પ્રોજેકટમાં કામ કરતો હતો. એ હકીકત પણ કબુલ કરે છે કે, મને પગાર સૂર્યા સિકયુરીટી તરફથી ચુકવવામાં આવતો હતો. એ હકીકત પણ કબુલ કરે છે કે, દર મહીનાની મારી હાજરી મુજબ સૂર્યા સિકયુરીટી મને પગાર ચુકવતી હતી. આલસ્ટોમ પ્રોજેકટે હાઉસ કિપીંગનો કોન્ટ્રાકટ સૂર્યા સિકયુરીટીને આપેલો. એ હકીકત કબુલ કરે છે કે, સૂર્યા સિકયુરીટીએ આશરે ૫૪ જેટલાં કામદારોને હાઉસ કિપીંગ કામ માટે આલસ્ટોમ પ્રોજેકટમાં રાખેલાં. એ હકીકતનો ઈનકાર કરે છે કે, મને કામની સોંપણી કોન્ટ્રાકટર ધ્વારા કરવામાં આવતી હતી. એ હકીકત કબુલ કરે છે કે, સૂર્યા સિકયુરીટીનો કોન્ટ્રાકટ કંપનીમાંથી તારીખ :

૩૧/૦૮/૨૦૦૭ થી રદ થઈ ગયેલ છે. એ હકીકતનો ઈનકાર કરે છે કે, મને સૂર્યા સિકયુરીટીએ છુટા કરેલાં. સૂર્યા સિકયુરીટીએ અમને છુટા કરતી વખતે કોઈ વળતર ચુકવેલ નથી.

શ્રમયોગીની પ્રથમ પક્ષકાર નંબર (૨) કોન્ટ્રાકટરના વકીલશ્રી તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસ જોવામાં આવે તો એ હકીકત જણાવે છે કે, હું તારીખ : ૦૫/૦૫/૨૦૦૭ થી આલસ્ટોમ કંપનીમાં કામ કરતો હતો. સૂર્યા સિકયુરીટીનો કોન્ટ્રાકટ કંપનીમાં કયારથી શરૂ થયો હતો તેની મને ખબર નથી. મને સૂર્યા સિકયુરીટીએ છુટા કરેલ નથી. હું કંપનીમાં નોકરીમાં ચાલુ હતો તે દરમ્યાન સૂર્યા સિકયુરીટીનો કોન્ટ્રાકટ કંપનીમાં ચાલુ હતો. આ કોન્ટ્રાકટ કયારે શરૂ થયેલો તેનો મને ખ્યાલ નથી. એ હકીકત કબુલ કરે છે કે, સૂર્યા સિકયુરીટીના કોન્ટ્રાકટમાં કામ કરતાં હેલ્પરોને છુટા કરવામાં આવેલાં. તેઓ બીજા કોન્ટ્રાકટમાં કામ કરે છે. એ હકીકત કબુલ કરે છે કે, કામની વહેંચણી અને હાજરી પુરવાનું કામ કંપની કરતી હતી. અમારી માંગણી આલસ્ટોમ કંપની સામે છે. એ હકીકત કબુલ કરે છે કે, હાલ સૂર્યા સિકયુરીટીનો કોન્ટ્રાકટ કંપનીમાં ચાલુ નથી.

**(૧૧)** આ કામે પ્રથમ પક્ષકાર નંબર (૨) કોન્ટ્રાકટર ભરતસિંહ છત્રસિંહ ચાવડા તરફથી રેફરન્સ (એલ.સી.વી.) નંબર : ૫૧૭/૨૦૦૭ ના કામે આંક–૧૩૮ થી પુરાવો રજુ કરવામાં આવેલો છે. આ સાહેદ એવો પુરાવો આપે છે કે, મને પ્રથમ પક્ષકાર નંબર (૧) કંપનીએ સને : ૨૦૦૦ ના વર્ષમાં લેબર સપ્લાય કરવાનો કોન્ટ્રાકટ મળેલો. સદર કોન્ટ્રાકટ વખતો–વખત લંબાવવામાં આવેલ. સદર કોન્ટ્રાકટની શરતો મુજબ મારે કંપનીમાં કોન્ટ્રાકટર મારફતે કામ કરતાં લેબરના પગારની વહેંચણી કરવી, હાજરી પુરવી વિગેરે કામ કરવાના હતાં. પરંતું બીજા પક્ષકારની નિમણૂંક, કામની વહેંચણી, કામનું સુપરવિઝન વિગેરે કંપની ધ્વારા કરવામાં આવતું હતું. બીજા પક્ષકાર અને અન્ય કામદારોને કંપનીના અધિકારીઓએ ઈન્ટરવ્યુ લઈ પસંદ કરેલાં. વધુમાં એવો પુરાવો આપે છે કે, કંપનીના અધિકારીશ્રી અમરીશસિંહ રાજપુતે કામદારોને છુટા કરવાના બદઈરાદાથી અમારી પાસેથી બળજબરીથી કોન્ટ્રાકટ આગળ ચલાવવો નથી તેવા લખાણ ઉપર સહી લીધેલી. આ બાબતે અમોએ લેબર કમિશ્નરશ્રીને લેખિત ફરીયાદ કરેલી છે. કંપનીના અધિકારીએ છટણી વળતરની ચુકવણી માટે જરૂરી ગણતરી કરી તે મુજબના બિલની અમારી પાસે માંગણી કરેલ જે મુજબ અમોએ કંપનીને બિલ આપેલ પરંતું કંપનીએ આ બિલની ચુકવણી કરેલ નથી. વધુમાં એવો પુરાવો આપે છે કે, કંપનીએ હાલના કામદારોને છુટા કરી

નવા કોન્ટ્રાકટર મારફતે નવા કામદારોને રોકી કામ કરાવે છે. કંપનીએ અમને છટણી વળતરની રકમ ચુકવી આપેલ ન હોઈ અમોએ કામદારોને ચુકવેલ નથી. કામદારોને કામ આપવાની જવાબદારી કંપનીની છે.

સદર સાહેદની શ્રમયોગીના વકીલશ્રી તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસ જોવામાં આવે તો એવી હકીકત જણાવે છે કે, હું સને : ૨૦૦૦ થી લેબર કોન્ટ્રાકટનું કામ કરું છું. કંપની સાથે મારે લેબર કોન્ટ્રાકટનો કરાર સને : ૨૦૦૦ ના વર્ષમાં થયેલો. હાલના કામદારો મારા કોન્ટ્રાકટમાં કામ કરતાં હતાં. આ કામદારો સને : ૨૦૦૪ ની આસપાસ મારા કોન્ટ્રાકટમાં કામ કરતાં હતાં. આ કામદારોને સને : ૨૦૦૭ માં છુટા કરવામાં આવેલાં. કંપનીએ મારો કોન્ટ્રાકટ સમાપ્ત કરેલો અને કામદારોને છુટા કરેલાં. એ હકીકત કબુલ કરે છે કે, કંપનીના અધિકારીશ્રી અમરીશસિંહ રાજપુતના કહેવાથી મેં કામદારોને છુટા કરેલાં. કામદારોના કામનું સુપરવિઝન કંપનીના સુપરવાઈઝર કરતાં હતાં. એ હકીકત કબુલ કરે છે કે, કામદારોએ સતત ૪ વર્ષ મારી સાથે કામ કરેલું.

આ સાહેદની પ્રથમ પક્ષકાર નંબર (૧) કંપનીના વકીલશ્રી તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસ જોવામાં આવે તો એવી હકીકત જણાવે છે કે, હું સૂર્યા સિકયુરીટીના નામથી લેબર કોન્ટ્રાકટરનો ધંધો કરતો હતો. આલસ્ટોમ કંપનીમાં મારો કોન્ટ્રાકટ હાઉસ કિપીંગ અને લેબર કોન્ટ્રાકટનો હતો. એ હકીકત કબુલ કરે છે કે, આ કોન્ટ્રાકટ મુજબ મેં ૫૪ જેટલાં કામદારોને હાઉસ કિપીંગના કામ માટે કંપનીમાં મોકલેલાં. ત્યારબાદ આ સાહેદને કોન્ટ્રાકટ તારીખ : ૦૧/૦૨/૨૦૦૭ ના રોજ શરૂ થયેલ હોવા અંગે પુછતાં તેઓએ કોન્ટ્રાકટ સને : ૨૦૦૦ ની સાલમાં શરૂ થયેલ હોવાનો જવાબ આપેલ છે. ત્યારબાદ તેમને આંક–૧૧૬ બતાવતા કોન્ટ્રાકટ ઉપર તેમની સહી કબુલ કરે છે. એ હકીકત કબુલ કરે છે કે, આંક–૧૧૬ ના કોન્ટ્રાકટ પ્રમાણે મારે કંપનીમાં કામગીરી કરવાની રહેતી હતી. કોન્ટ્રાકટ મુજબ દર મહિને હું કંપનીને બિલ મોકલતો હતો અને કંપની ૧૦ દિવસે પેમેન્ટ કરતી હતી. આ પેમેન્ટ મળ્યેથી હું કામદારોને પગાર ચુકવતો હતો અને તેમાંથી ઈ.એસ.આઈ., પી.એફ. ની રકમ કપાત કરવામાં આવતી હતી. એ હકીકતનો ઈનકાર કરે છે કે, કામદારોને કામની સોંપણી હું કરતો હતો. ત્યારબાદ આંક–૧૧૭ નું કોન્ટ્રાકટ લાયસન્સ બતાવવામાં આવતાં તે તેમનું હોવાનું સ્વીકારે છે. ત્યારબાદ આંક–૧૧૯ અને આંક–૧૨૦ ના દસ્તાવેજો બતાવતાં તેમની

બળજબરીથી કોરા કાગળ ઉપર સહી લીધેલ હોવાનું જણાવેલ છે, પરંતું તે અંગે કોઈ જ પોલીસ ફરીયાદ કરેલ નથી. સરકારી મજુર અધિકારીશ્રીને કરેલ ફરીયાદની નકલ આ કામે રજુ કરેલ નથી. એ હકીકત કબુલ કરે છે કે, આંક–૧૧૬ ના એગ્રીમેન્ટ પ્રમાણે કામદારોને તમામ સ્ટેચ્યુટરી જવાબદારી ચુકવી આપવાની જવાબદારી કોન્ટ્રાકટરની હતી. કંપનીએ મને કામદારોને છુટા કરવાનો કોઈ પત્ર આપેલ નથી. એ હકીકત કબુલ કરે છે કે, મેં કામદારોને કોઈ નોટીસ પગાર કે છટણી વળતર ચુકવેલ નથી. ત્યારબાદ આંક–૧૨૧ નું બિલ બતાવતાં તે બિલ તેમણે કંપનીને આપેલ હોવાનું કબુલ કરે છે. હાલ મારો કોન્ટ્રાકટ કંપનીમાં ચાલતો નથી. આંક–૧૨૧ ના બિલ મુજબ કંપનીએ મને રકમ ચુકવેલ નથી તે અંગે મેં કંપનીને લેખિત નોટીસ આપેલી પરંતું તે મેં આ કામે રજુ કરેલ નથી. સરકારી મજુર અધિકારીશ્રીને કરેલ લેખિત ફરીયાદની નકલ પણ મેં આ કામે રજુ કરેલ નથી.

**(૧૨)** આ કામે રેકર્ડ ઉપરની હકીકતો અને બંને પક્ષ તરફથી રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો પ્રથમ પક્ષકાર નંબર (૨) કોન્ટ્રાકટરના પુરાવા મુજબ કંપનીમાં તેમનો કોન્ટ્રાકટ સને : ૨૦૦૦ ની સાલમાં શરૂ થયેલો તેવો તેમણે પુરાવો આપેલો છે, પરંતું આ હકીકત સાબિત કરવા માટે કોન્ટ્રાકટર તરફથી કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ઉલ્ટાનું કંપનીએ પ્રથમ પક્ષકાર નંબર (૨) કોન્ટ્રાકટર સાથે હાઉસ કિપીંગનો કોન્ટ્રાકટ સને : ૨૦૦૭ માં શરૂ કરવામાં આવેલો તે બતાવતો દસ્તાવેજી પુરાવો આંક–૧૧૬ થી રજુ કરવામાં આવેલો છે. આંક–૧૧૬ પ્રથમ પક્ષકાર નંબર (૧) અને પ્રથમ પક્ષકાર નંબર (૨) વચ્ચે તારીખ : ૦૧/૦૧/૨૦૦૭ ના રોજ કરવામાં આવેલ એગ્રીમેન્ટ છે અને તેમાં કોન્ટ્રાકટરે હાઉસ કિપીંગ અને કલીનીંગ માટે પ્રથમ પક્ષકાર નંબર (૧) કંપનીને માણસો પુરા પાડવાના છે અને આ કોન્ટ્રાકટ તારીખ : ૦૧/૦૧/૨૦૦૭ થી અમલમાં આવેલો હતો. પ્રથમ પક્ષકાર કંપનીમાં જુદા–જુદા કામ માટે જુદા–જુદા કોન્ટ્રાકટ ચાલતાં હતાં તે દર્શાવવા માટે આંક–૧૧૮ થી રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ રજુ કરેલું છે તે જોતાં કંપનીમાં જુદા–જુદા કામો માટે જુદો–જુદો કોન્ટ્રાકટ ચાલતો હોવાનું ફલીત થાય છે. આ કામે કોન્ટ્રાકટર તરફથી એવો કોઈ જ પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે જેનાથી એવું સાબિત થતું હોય કે તેમનો કોન્ટ્રાકટ કંપનીમાં સને : ૨૦૦૦ ની સાલથી ચાલતો હતો અને તેની સમયમર્યાદા પૂર્ણ થયા બાદ રીન્યુ કરવામાં આવતો હતો. કોઈપણ કોન્ટ્રાકટ લેખિત સ્વરૂપે કરવામાં આવતો હોય છે તેથી તે અંગે દસ્તાવેજી પુરાવો

સરળતાથી મળી રહે તેમ છે તેમ છતાં આવો કોઈ દસ્તાવેજી પુરાવો કોન્ટ્રાકટર તરફથી રજુ કરવામાં આવેલ નથી. તેથી કોન્ટ્રાકટરના એ પુરાવાનું ખંડન થઈ જાય છે કે, કંપનીમાં તેમનો કોન્ટ્રાકટ સને : ૨૦૦૦ ની સાલથી ચાલતો હતો, જયારે આંક–૧૧૬ ના દસ્તાવેજી પુરાવાથી એ હકીકત સાબિત થાય છે કે, પ્રથમ પક્ષકાર નંબર (૨) નો કોન્ટ્રાકટ પ્રથમ પક્ષકાર નંબર (૧) કંપનીમાં તારીખ : ૦૧/૦૧/૨૦૦૭ ના રોજ શરૂ થયેલો. આમ, પ્રથમ પક્ષકાર નંબર (૨) પ્રથમ પક્ષકાર નંબર (૧) ના કોન્ટ્રાકટર હતાં અને તેમને હાઉસકિપીંગ અને કલીનીંગ માટે કોન્ટ્રાકટ આપવામાં આવેલો અને આ કોન્ટ્રાકટ મુજબ પ્રથમ પક્ષકાર નંબર (૨) નાએ પ્રથમ પક્ષકાર નંબર (૧) કંપનીમાં ૫૪ કામદારો પુરા પાડેલાં. વધુમાં રેકર્ડ ઉપરથી એ હકીકત પણ સાબિત થાય છે કે, પ્રથમ પક્ષકાર નંબર (૧) અને પ્રથમ પક્ષકાર નંબર (૨) નાઓએ ધી કોન્ટ્રાકટ (રેગ્યુલેશન એન્ડ એબોલિશન) એકટ અન્વયે લાયસન્સ પણ મેળવેલું હતું તેથી આ કોન્ટ્રાકટ જેન્યુઈન કોન્ટ્રાકટ હતો.

**(૧૩)** આ કામે શ્રમયોગીએ એવો પુરાવો આપેલો છે કે તેઓ તારીખ : ૦૫/૦૫/૨૦૦૭ થી કંપનીમાં નોકરીમાં જોડાયેલાં. તે જ રીતે કોન્ટ્રાકટરે પણ તેમના આંક–૧૩૮ ના પુરાવામાં એવો પુરાવો આપેલો છે કે, શ્રમયોગી સને : ૨૦૦૪ ની સાલમાં તેમના કોન્ટ્રાકટમાં કંપનીમાં કામ કરતાં હતાં પરંતું મેં અગાઉ ચર્ચા કર્યા મુજબ જો કોન્ટ્રાકટ જ તારીખ : ૦૧/૦૧/૨૦૦૭ થી અસ્તિત્વમાં આવેલો હોય તો તેવા સંજોગોમાં શ્રમયોગી કોન્ટ્રાકટમાં સને : ૨૦૦૪ ના વર્ષમાં નોકરીમાં જોડાયેલાં તે હકીકતનો છેદ ઉડી જાય છે. શ્રમયોગી ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તેઓ તારીખ : ૦૫/૦૫/૨૦૦૭ થી કંપનીમાં નોકરીમાં જોડાયેલાં તે અંગે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. આમ, ઉલટ તપાસથી પણ પુરાવાની એ હકીકતનું ખંડન થઈ જાય છે કે, શ્રમયોગી સને : ૨૦૦૭ માં નોકરીમાં જોડાયેલાં.

**(૧૪)** આ કામે શ્રમયોગી કંપનીના કામદાર હતાં કે કોન્ટ્રાકટરના કામદાર હતાં ? તે ખૂબ જ મહત્વનો પ્રશ્ન છે. શ્રમયોગી એવા કેસ સાથે અદાલત રૂબરૂ આવેલાં છે કે, તેઓ કંપનીના કામદાર હતાં. તેઓને પગારની ચુકવણી કંપની કરતી હતી. તેઓની નિમણૂંક કંપનીના અધિકારીએ કરેલી અને તેના કામનું સુપરવિઝન પણ કંપનીના અધિકારી કરતાં હતાં. કોન્ટ્રાકટરે પણ આંક–૧૩૮ ના પુરાવામાં એવો પુરાવો આપેલો છે કે, શ્રમયોગીની નિમણૂંક, કામની વહેંચણી અને કામનું સુપરવિઝન કંપની કરતી હતી તેથી તેઓ કંપનીના કામદાર હતાં.

આ કામે શ્રમયોગીની ઉલટ તપાસ ખૂબ જ મહત્વની છે. શ્રમયોગીએ તેમની ઉલટ તપાસમાં એ હકીકત સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે, તેઓ સૂર્યા સિકયુરીટીના કોન્ટ્રાકટમાં આલસ્ટોમ પ્રોજેકટમાં કામ કરતાં હતાં. તેમને પગાર સૂર્યા સિકયુરીટી તરફથી ચુકવવામાં આવતો હતો. દર મહીનાની મારી હાજરી મુજબ સૂર્યા સિકયુરીટી મને પગાર ચુકવતી હતી. મને કંપનીના સુપરવાઈઝર કામની સોંપણી કરતાં હતાં તે બતાવતો કોઈ પુરાવો મારી પાસે નથી. આમ, આ ઉલટ તપાસથી એ હકીકત સ્પષ્ટપણે સાબિત થાય છે કે, શ્રમયોગી પ્રથમ પક્ષકાર નંબર (૨) ના કોન્ટ્રાકટમાં કામ કરતાં હતાં. શ્રમયોગીને નિમણૂંક કોન્ટ્રાકટરે આપેલી, તેમને પગાર પણ કોન્ટ્રાકટર ચુકવતાં હતાં અને તેમના કામનું સુપરવિઝન પણ કોન્ટ્રાકટર કરતાં હતાં તેથી સ્પષ્ટપણે એવું માનવાનું રહે છે કે, શ્રમયોગી કોન્ટ્રાકટરના કામદાર હતાં.

આ કામે કોન્ટ્રાકટર અને શ્રમયોગી એકબીજાના કોલ્યુઝનમાં હોય તેવું સ્પષ્ટપણે જણાય છે કારણ કે, શ્રમયોગીએ રીલીફ માત્ર કંપની સામે માંગેલી છે અને શ્રમયોગીએ કોન્ટ્રાકટરના વકીલશ્રીની ઉલટ તપાસમાં કોન્ટ્રાકટરના કેસને સમર્થન મળે તેવો પુરાવો આપેલો છે પરંતું જયારે શ્રમયોગીની ઉલટ તપાસથી અને દસ્તાવેજી પુરાવાથી એ હકીકત સાબિત થઈ ગઈ હોય કે, શ્રમયોગી કોન્ટ્રાકટરના કામદાર હતાં ત્યારે શ્રમયોગીની કોન્ટ્રાકટરના વકીલશ્રી તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસનું કોઈ મહત્વ રહેતું નથી.

આ કામે કોન્ટ્રાકટરની કંપનીના વકીલશ્રી તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ એ હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, કોન્ટ્રાકટ મુજબ તેમણે કામગીરી કરવાની હતી અને કોન્ટ્રાકટ મુજબ દરમહીને હું કંપનીને બિલ મોકલતો હતો અને કંપની ૧૦ દિવસે તેમને પેમેન્ટ કરતી હતી. આ પેમેન્ટ મળ્યેથી હું કામદારોને પગાર ચુકવતો હતો અને તેમાંથી ઈ.એસ.આઈ., પી.એફ. ની રકમ કપાત કરવામાં આવતી હતી અને તે મુજબ મારું પણ કોન્ટ્રીબ્યુશન જમા કરાવતો હતો. આમ, આ ઉલટ તપાસ જોતાં પણ જો શ્રમયોગીનો પગાર કોન્ટ્રાકટર ચુકવતાં હોય, તેમનો પી.એફ. અને ઈ.એસ.આઈ. પણ કોન્ટ્રાકટર કાપતા હોય અને કોન્ટ્રીબ્યુશન પણ કોન્ટ્રાકટર આપતા હોય તો તેવા સંજોગોમાં શ્રમયોગી કોન્ટ્રાકટરના કામદાર હતાં તેવું સ્પષ્ટપણે સાબિત થાય છે. વધુમાં આ કામે આંક–૧૨૨ થી ઈ.પી.એફ. નું લિસ્ટ આંક–૧૨૩ થી, કોન્ટ્રાકટના કામદારોનું લિસ્ટ આંક–૧૨૪ થી, પી.એફ. ઓફિસ તરફથી કોન્ટ્રાકટરને લખવામાં આવેલો પત્ર પણ દસ્તાવેજી પુરાવા તરીકે રજુ કરવામાં આવેલો છે. આ

તમામ દસ્તાવેજી પુરાવા જોતાં પણ શ્રમયોગી પ્રથમ પક્ષકાર નંબર (૨) ના કોન્ટ્રાકટમાં કામ કરતાં હોવાનું સ્પષ્ટપણે સાબિત થાય છે. આમ, શ્રમયોગી એ હકીકત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે કે તેઓ કંપનીના કામદાર હતાં, જયારે કંપની એ હકીકત સાબિત કરી શકે છે કે, શ્રમયોગી કોન્ટ્રાકટરના કામદાર હતાં તેથી મુદ્દા નંબર (૨) નો નિર્ણય ''હકારમાં'' ઠરાવવામાં આવે છે.

**(૧૫)** પ્રસ્તુત કેસમાં કંપનીએ એવો પણ બચાવ લીધેલો છે કે, પ્રથમ પક્ષકાર નંબર (૨) કોન્ટ્રાકટરે જાતે તારીખ : ૦૧/૦૮/૨૦૦૭ ના રોજ કોન્ટ્રાકટ આગળ ચલાવવા માંગતા ન હોવાનું જણાવતો કંપનીને પત્ર લખેલો અને તે પત્રના આધારે અને કોન્ટ્રાકટની શરતો મુજબ  કંપનીએ તારીખ : ૦૬/૦૮/૨૦૦૭ ના રોજ કોન્ટ્રાકટરને પત્ર લખી તારીખ : ૩૧/૦૮/૨૦૦૭ થી કોન્ટ્રાકટ ટર્મિનેશનની જાણ કરેલી. કોન્ટ્રાકટરે પોતે જ સ્વૈચ્છાએ કોન્ટ્રાકટ ટર્મિનેટ કરેલો. આ કામે સૌ પ્રથમ આંક–૧૧૬ નો એગ્રીમેન્ટ વંચાણે લેવામાં આવે તો તેના કલોઝ નંબર (૧) માં કોન્ટ્રાકટ તારીખ ૩૧ ડીસેમ્બર, ૨૦૦૭ સુધી અસ્તિત્વમાં રહેશે તેવી જોગવાઈ કરવામાં આવેલી છે, જો કે કોઈપણ પક્ષકાર તરફથી એક મહિનાની નોટીસ આપી કોન્ટ્રાકટ ટર્મિનેટ કરી શકાશે તેવી પણ જોગવાઈ કરવામાં આવેલી છે. કોન્ટ્રાકટરે આંક–૧૧૯ થી તારીખ : ૦૧/૦૮/૨૦૦૭ ના પત્રથી કંપનીને કોન્ટ્રાકટ જાતે ટર્મિનેટ કરવા માંગતા હોવાનો પત્ર લખેલો, પરંતું કોન્ટ્રાકટર તરફથી તેમના આંક–૧૩૮ ના પુરાવામાં કંપનીના અધિકારીએ તેમને કોરા કાગળ ઉપર બળજબરીથી સહી લીધેલ હોવાનો પુરાવો આપેલો છે. કોન્ટ્રાકટરને આંક–૧૧૯ ની ઉલટ તપાસમાં બળજબરીથી સહી કરાવેલ છે તે અંગે પોલીસ ફરીયાદ કરેલ છે કે કેમ ? તે અંગે પુછવામાં આવતાં તેમણે કોઈ પોલીસ ફરીયાદ કરેલ ન હોવાનું જણાવેલ છે, પરંતું મદદનીશ મજુર અધિકારીશ્રીને લેખિત ફરીયાદ કરેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ કંપનીના વકીલશ્રી તરફથી ઉલટ તપાસમાં આ કામે મદદનીશ મજુર અધિકારીશ્રીને કરેલ ફરીયાદ રજુ કરેલ છે કે કેમ ? તે અંગે પ્રશ્ન પુછતાં આવી કોઈ ફરીયાદ રજુ કરેલ ન હોવાનું જણાવેલ છે. આમ, જો કોન્ટ્રાકટરની બળજબરીથી સહી લેવામાં આવી હોય અને તેમણે સરકારી મજુર અધિકારીશ્રીને ફરીયાદ કરી હોય તો તે ફરીયાદની નકલ કોન્ટ્રાકટર પાસે હોવી જોઈએ અને તે તેમણે રજુ કરવી જોઈએ, પરંતું આવી કોઈ જ ફરીયાદની નકલ આ કામે કોન્ટ્રાકટરે રજુ કરેલ નથી. તેથી કોન્ટ્રાકટરનો એ પુરાવો માની

શકાય તેમ નથી કે, કંપનીના અધિકારીએ તેમની બળજબરીથી કોરા કાગળ ઉપર સહી લીધેલી. કોન્ટ્રાકટર તરફથી આંક–૧૧૯ નો કોન્ટ્રાકટ ટર્મિનેશનનો પત્ર લખતાં કંપનીએ આંક–૧૨૦ ના પત્રથી કોન્ટ્રાકટરને કોન્ટ્રાકટ તારીખ : ૩૧/૦૮/૨૦૦૭ થી ટર્મિનેટ કરવામાં આવશે તેની જાણ કરેલી અને આ પત્ર કોન્ટ્રાકટરે સ્વીકારેલો છે અને ત્યારબાદ કોન્ટ્રાકટ તારીખ : ૩૧/૦૮/૨૦૦૭ ના રોજ ટર્મિનેટ કરવામાં આવેલો છે, જે હકીકત બિનતકરારી છે. આમ, કંપની અને કોન્ટ્રાકટર વચ્ચે તેમના સંબંધોનો અંત આવેલો છે અને હાલના શ્રમયોગી કોન્ટ્રાકટરના માણસ હોવાથી કંપનીમાં તેમની નોકરીનો આપોઆપ અંત આવી ગયેલો છે, કંપનીએ તેમને છુટા કરેલાં નથી તેવું ચોકકસપણે કહી શકાય. વધુમાં જયારે શ્રમયોગી કંપનીના કામદાર જ ન હતાં અને તેમને પગારની ચુકવણી પણ કંપની કરતી ન હતી તેવા સંજોગોમાં અને તેમના કામનું સુપરવિઝન પણ કંપની કરતી ન હતી તેવા સંજોગોમાં કંપનીએ શ્રમયોગીને છુટા કરવાનો પણ કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રસ્તુત કેસમાં કંપનીના વકીલશ્રી તરફથી ***એ.આઈ.આર. ૨૦૧૦ એસ.સી.ડબલ્યુ. પાના નંબર : ૭૩૧૨*** ઉપર પ્રસિધ્ધ થયેલાં ***જનરલ મેનેજર ઓ.એસ.ડી., બેંગાલ નાગપુર કોટન મિલ્સ <u>વિરૂધ્ધ</u> ભારતલાલ અને બીજાઓ***ના ચુકાદા ઉપર આધાર રાખેલો છે. આ ચુકાદામાં કોન્ટ્રાકટ લેબર પ્રત્યક્ષ રીતે પ્રિન્સીપાલ એમ્પલોયરના કામદાર છે ? તેના માટે બે ટેસ્ટ નકકી કરવામાં આવેલાં છે. આ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે પેરા નંબર (૮) માં બે ટેસ્ટ બતાવેલાં છે.

"***8.*** *Two of the well-recognized tests to find out whether the contract labour are the direct employees of the principal employer are (i) whether the principal employer pays the salary instead of the contractor; and (ii) whether the principal employer controls and supervises the work of the employee.*"

ત્યારબાદ પેરા નંબર (૯) માં નામદાર સુપ્રિમ કોર્ટે એવું ઠરાવેલું છે કે,

"***9.*** *On a careful consideration, we are of the view that the Industrial Court committed a serious error in arriving at those findings. In regard to the first test as to who pays the salary, it placed the onus wrongly upon the applicant. It is for the employee to*

*aver and prove that he was pais salary directly by the principal employer and not the contractor. The first respondent did not discharge this onus. Even in regard to second test, the employee did not establish that he was working under the direct control and supervision of the principal employer. The Industrial Court misconstrued the meaning of the terms 'control and supervision' and held that as the officers of appellant were giving some instructions to the first respondent working as a guard, he has deemed to be working under the control and supervision of the appellant. The expression 'control and supervision' in the context of contract labour was explained by this court in International Airport Authority of India v. International Air Cargo Workers Union [2009 (13) SCC 374] : (AIR 2009 SC 3063) thus :*

*"If the contract is for supply of labour, necessarily, the labour spplied by the contractor will work under the directions, supervision and control of the principal employer but that would not make the worker a direct employee of the principal employer, if the salary is paid by contractor, if the right to regulate employment is with the contractor, and the ultimate supervision and control lies with the contractor.*

*The principal employer only controls and directs the work to be done by a contract labour, when such labour is assigned/allotted/sent to him. But it is the contractor as employer, eho chooses whether the worker is to be assigned/allotted to the principal employer or used otherwise. In short, worker being the employee of the contractor, the ultimate supervision and control lies with the contractor as he decides where the employee will work and how long he will work and*

*subject to what conditions. Only when the contractor assigns/sends the worker to work under the principal employer, the worker works under the supervision and control of the principal employer but that is secondary control. The primary control is with the contractor."*

*Therefore we are of the view that the Industrial Court ought to have held that first respondent was not a direct employee of the appellant, and rejected the application of the first respondent."*

ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો જોતાં અને હાલના કેસની હકીકતો જોતાં શ્રમયોગીએ પોતે જ તેમની ઉલટ તપાસમાં અને કોન્ટ્રાકટરે આંક–૧૩૮ ની ઉલટ તપાસમાં એ હકીકત સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે, કામદારોને પગાર તેઓ ચુકવતાં હતાં અને તેમના કામની દેખરેખ પણ કોન્ટ્રાકટર રાખતાં હતાં. આમ, કામદારને પગારની ચુકવણી, કામદારના કામનું સુપરવિઝન અને કન્ટ્રોલ કોન્ટ્રાકટર કરતાં હતાં. આમ, ઉપરોકત ચુકાદો હાલના કેસમાં લાગુ પડે છે. જયારે શ્રમયોગી કંપનીના કામદાર જ ન હોય ત્યારે કંપનીએ તેમને છુટા કરવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી તેથી શ્રમયોગી એ હકીકત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે કે, કંપનીએ તેમને ગેરકાયદેસર રીતે છુટા કરેલાં છે. આમ, શ્રમયોગી મુદ્દા નંબર (૧) ની હકીકતો સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ તેનો નિર્ણય ''નકારમાં'' ઠરાવું છું.

આ કામે કંપનીના વકીલશ્રી તરફથી ***એ.આઈ.આર. ૨૦૦૫ નામદાર સુપ્રિમ કોર્ટ, પાના નંબર : ૨૪૧૨ ઉપર પ્રસિધ્ધ થયેલ હલ્દીયા રીફાઈનરી કેન્ટીન એમ્પલોઈઝ યુનિયન અને બીજા <u>વિરૂધ્ધ</u> મેસર્સ ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લિમીટેડ અને બીજાઓ*** તેમજ ***એ.આઈ.આર. ૨૦૦૯ નામદાર સુપ્રિમ કોર્ટ, પાના નંબર : ૩૦૬૩ ઉપર પ્રસિધ્ધ થયેલાં ઈન્ટરનેશનલ એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા <u>વિરૂધ્ધ</u> ઈન્ટરનેશનલ એર કાર્ગો વર્કર્સ યુનિયન અને બીજાઓ***ના ચુકાદા રજુ કરેલા છે. આ બંને ચુકાદાની હકીકતો વંચાણે લેતાં, એમ્પલોઈઝ યુનિયન તરફથી કામદારોને મેનેજમેન્ટની રેગ્યુલર સર્વિસમાં સમાવવાનો કેસ હતો. હાલના કેસમાં રેગ્યુલરાઈઝેશનનો કોઈ કેસ નથી તેથી આ બંને ચુકાદાઓ હાલના કેસને લાગુ પડતાં નથી.

**(૧૬) <u>મુદ્દા નંબર (૩) અને (૪)</u> :**

પ્રસ્તુત રેફરન્સમાં એ હકીકત સ્પષ્ટપણે સાબિત થયેલી છે કે, શ્રમયોગી કંપનીના કામદાર ન હતાં તેઓ કોન્ટ્રાકટરના કામદાર હતાં. કંપનીએ તેમને છુટા કરેલાં નથી અને કોન્ટ્રાકટરે તેમને છુટા કરેલાં છે. કોન્ટ્રાકટરનો કોન્ટ્રાકટ પ્રથમ પક્ષકાર નંબર (૧) કંપનીમાં પુરો થતાં તારીખ : ૩૧/૦૮/૨૦૦૭ ના રોજથી શ્રમયોગીને છુટા કરવામાં આવેલાં છે. શ્રમયોગીનું ટર્મિનેશન ઈલલિગલ છે કે કેમ ? તે મહત્વનો પ્રશ્ન છે. એ હકીકત સ્પષ્ટ છે કે, શ્રમયોગીને છુટા કરતી વખતે કોન્ટ્રાકટરે કોઈ રીટ્રેન્ચમેન્ટ કોમ્પેનસેશન ચુકવેલ નથી. ''રીટ્રેન્ચમેન્ટ'' ની વ્યાખ્યા આઈ. ડી. એકટની કલમ–2(OO) માં આપવામાં આવેલી છે, તેનો ઉલ્લેખ કરવો હું જરૂરી સમજુ છું.

***<u>Section-2(oo)</u>***. *"retrenchment" means the termination by the employer of the service of a workman for any reason whatsoever, otherwise than as a punishment inflicted by way of disciplinary action, but does not include-*

*(a) voluntary retirement of the workman; or*

*(b) retirement of the workman on reaching the age of superannuation if the contract of employment between the employer and the workman concerned contains a stipulation in that behalf; or*

*[(bb) termination of the service of the workman as a result of the non-renewal of the contract of employment between the employer and the workman concerned on its expiry or of such contract being terminated under a stipulation in that behalf contained therein; or]*

*(c) termination of the service of a workman on the ground of continued ill-health;]*

કોઈપણ શ્રમયોગીને રીટ્રેન્ચ કરતી વખતે એમ્પલોયરે કેટલીક પૂર્વ શરતોનું પાલન કરવું જરૂરી છે અને તેની જોગવાઈ આઈ. ડી. એકટની કલમ–25(F) માં આપવામાં આવેલી છે. આ તબકકે આઈ. ડી. એકટની કલમ–25(F) ની જોગવાઈનો ઉલ્લેખ કરવો હું જરૂરી સમજુ છું.

***<u>Section-25F</u>. Conditions precedent to retrenchment of workmen.-*** *No workman employed in any industry who has*

*been in continuous service for not less than one year under an employer shall be retrenched by that employer until -*

*(a) the workman has been given one month's notice in writing indicating the reasons for retrenchment and the period of notice has expired, or the workman has been paid in lieu of such notice, wages for the period of the notice;*

*(b) the workman has been paid, at the time of retrenchment compensation which shall be equivalen to fifteen days' average pay [for every completed year of continuous service] or any part thereof in excess of six months; and*

*(c) notice in the prescribed manner is served on the appropriate Government [or such authority as may be specified by the appropriate Government by notification in the Official Gazette].*

ઉપરોકત જોગવાઈ વંચાણે લેતાં અને કોન્ટ્રાકટરનો આંક–૧૩૮ નો પુરાવો ધ્યાને લેતાં કોન્ટ્રાકટરે તેઓની ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તેમણે કામદારોને છુટા કરતી વખતે કોઈ છટણી વળતર ચુકવેલ નથી. આ કામે શ્રમયોગીને કોઈ નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર ચુકવવામાં આવેલ નથી. આંક–૧૧૬ ના કોન્ટ્રાકટર એગ્રીમેન્ટમાં એવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે કે, તમામ સ્ટેચ્યુટરી જોગવાઈઓની પાલન કરવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે અને તે મુજબ કોન્ટ્રાકટરનો કંપનીમાં કોન્ટ્રાકટ પુરો થતાં કોન્ટ્રાકટરે શ્રમયોગીને બીજી જગ્યાએ નોકરીમાં રાખવા જોઈએ અથવા તો તેમને રીટ્રેન્ચમેન્ટ કોમ્પેનસેશન આપીને છુટા કરવા જોઈએ. આંક–૧૨૧ થી તમામ ૫૪ કામદારોના રીટ્રેન્ચમેન્ટ કોમ્પેનસેશન અને એક મહિનાના પગારની ગણતરી કરીને કંપનીએ રીટ્રેન્ચમેન્ટ કોમ્પેનસેશનનું બિલ આપેલ હતું એટલે કે, કોન્ટ્રાકટરે કંપની પાસે રીટ્રેન્ચમેન્ટ કોમ્પેનસેશન માંગેલ હતું. કોન્ટ્રાકટરે તેઓના આંક–૧૩૮ ના પુરાવામાં એવી હકીકત જણાવેલ છે કે, કંપનીએ રીટ્રેન્ચમેન્ટ કોમ્પેનસેશન ચુકવેલ ન હતું. જો કંપનીએ રીટ્રેન્ચમેન્ટ કોમ્પેનસેશન ચુકવેલ ન હોય તો કોન્ટ્રાકટરે કંપનીને નોટીસ આપવાની જરૂર હતી અને કંપની સામે દિવાની

રાહે કાર્યવાહી કરવાની જરૂર હતી. ખરેખર કોન્ટ્રાકટની શરતો મુજબ રીટ્રેન્ચમેન્ટ કોમ્પેનસેશન ચુકવવાની જવાબદારી કોન્ટ્રાકટરની હતી પરંતું કોન્ટ્રાકટર શ્રમયોગીને રીટ્રેન્ચમેન્ટ કોમ્પેનસેશન ચુકવવામાં નિષ્ફળ ગયેલ છે અને તેમ કરી કોન્ટ્રાકટરે ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ, ૧૯૪૭ ની કલમ–25(F) નો ભંગ કરેલો છે. જો કોન્ટ્રાકટરે ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ, ૧૯૪૭ ની કલમ–25(F) ની જોગવાઈઓનું પાલન કરેલ ન હોય તો શ્રમયોગીને છુટા કરવાનું પગલું ગેરકાયદેસર બની જાય છે અને જો શ્રમયોગીને ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવ્યા હોય તો તેઓ પુન: સ્થાપિત થવા હકકદાર ઠરે છે. પરંતું આ કામે કોન્ટ્રાકટરનો કંપનીમાં કોન્ટ્રાકટ પુરો થઈ ગયેલો છે. કોન્ટ્રાકટરના બીજે કયાંય કોન્ટ્રાકટ ચાલતાં નથી તેવા સંજોગોમાં શ્રમયોગીને પુન: સ્થાપિત કરવાને બદલે ઉચ્ચક વળતર અપાવવામાં આવે તો તે ન્યાયી, યોગ્ય અને વ્યાજબી કહેવાશે. આ કામે શ્રમયોગીના પુરાવા મુજબ તેમને નોકરીમાંથી છુટા કર્યા બાદ તેઓ બેકાર છે અને કોઈ કામ ધંધો કરતાં નથી પરંતું ઉલટ તપાસમાં એ હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, તેઓ માસિક રૂપિયા છ હજાર કમાય છે. આમ, શ્રમયોગી વૈકલ્પિક રોજગારી મેળવે છે તેથી પડેલા દિવસોના પગારના બદલે પણ શ્રમયોગીને ઉચ્ચક વળતર અપાવવામાં આવે તો તે વ્યાજબી કહેવાશે. હાલનો કેસ સને : ૨૦૦૭ ના વર્ષનો છે. કોન્ટ્રાકટરનો હાલ બીજે કયાંય કોન્ટ્રાકટ ચાલતો નથી. કોન્ટ્રાકટરની આર્થિક સ્થિતી જોતાં અને હાલના કેસની હકીકતો જોતાં શ્રમયોગીને રૂા. ૩૦,૦૦૦/– ઉચ્ચક વળતર અપાવવામાં આવે તો તે ન્યાયી કહેવાશે.

આ કામે કોન્ટ્રાકટરના વકીલશ્રી એમ. સી. મહેતા તરફથી એવી ભારપૂર્વક દલીલ કરવામાં આવેલ છે કે, શ્રમયોગીએ કોન્ટ્રાકટર સામે કોઈ રીલીફ માંગેલ નથી માત્ર કંપની સામે રીલીફ માંગેલ છે તેથી કોન્ટ્રાકટર સામે કોઈ હુકમ થઈ શકે નહીં. હું કોન્ટ્રાકટરના વકીલશ્રીની ઉપરોકત દલીલ સાથે સંમત થતો નથી કારણ કે, કોન્ટ્રાટકરે કંપની પાસે રીટ્રેન્ચમેન્ટ કોમ્પેનસેશનનું બિલ રજુ કરેલું છે. ધી ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટની કલમ–25(F) ની જોગવાઈ મુજબ પણ કોન્ટ્રાકટર કાયદાકીય રીતે રીટ્રેન્ચમેન્ટ કોમ્પેનસેશન ચુકવવા જવાબદાર થાય છે તેમ છતાં તેમણે શ્રમયોગીને રીટ્રેન્ચમેન્ટ કોમ્પેનસેશન ચુકવેલ નથી તેથી કોન્ટ્રાકટર તેમની કાયદાકીય જવાબદારીમાંથી છટકી શકે નહીં અને તેઓ કોમ્પેનસેશન ચુકવવા જવાબદાર ઠરે છે.

આમ, શ્રમયોગી મુદ્દા નંબર (૩) ની હકીકતો સાબિત કરી શકતાં હોઈ તેનો નિર્ણય ''હકારમાં'' અને મુદ્દા નંબર (૪) ની હકીકતો અંશત: સાબિત કરી શકતાં હોઈ તેનો નિર્ણય ''અંશત: હકારમાં'' ઠરાવું છું અને મુદ્દા નંબર (૫) નો આખરી હુકમ નીચે મુજબ કરું છું.

## // <u>આખરી હુકમ</u> //

**(૧)** શ્રમયોગીનો રેફરન્સ અંશત: મંજુર કરવામા આવે છે.

**(૨)** શ્રમયોગીને તારીખ : ૩૧/૦૮/૨૦૦૭ ના રોજ છુટા કરવાનું પ્રથમ પક્ષકાર નંબર (૨) સૂર્યા સિકયુરીટી એન્ડ લેબર સર્વિસીસનું પગલું ગેરકાયદેસર ઠરાવવામાં આવે છે.

**(૩)** કોન્ટ્રાકટરે શ્રમયોગીને તેમની નોકરીની મૂળ જગ્યાએ પુન: સ્થાપિત કરવાના બદલે અને પડેલા દિવસોના પગારને બદલે રૂા. ૩૦,૦૦૦/– (અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા) ઉચ્ચક વળતર ચુકવી આપવું.

**(૪)** કોન્ટ્રાકટરે રેફરન્સ ખર્ચ પેટે રૂા. ૨,૫૦૦/– (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા) શ્રમયોગીને ચુકવી આપવાં.

**(૫)** આ એવોર્ડનો અમલ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં કરવાનો રહેશે.

**(મહમદસિરાજ એલ. શેખ)**
**જી.જે.૦૦૭૪૩**
**જજ(સિનીયર ડીવીઝન)**
**લેબર કોર્ટ નંબર (૧), વડોદરા.**

**સ્થળ : વડોદરા.**
**તારીખ : ૦૧/૦૩/૨૦૧૯**
આર. આર. પરમાર–પી.એ.